# ઉજ્જિવન ફાઈનાન્સિયલ સર્વિસિસનો ઈસ્યુ ૨૦૭થી ૨૧૦થી પ્રાઈસબેન્ડથી ૨૮ એપ્રિલે મૂડીબજારમાં આવશે

ઉજ્જિવન ફાઈનાન્સિયલ લિ. નામની કંપની રૂા.૧૦નો એક એવા કુલ ૩૫૮.૬૯ કરોડની કિંમતના શેરો રૂા.૨૦૭થી ૨૧૦ની પ્રાઈસબેન્ડથી ઓફર કરવા આગામી તા. ૨૮ એપ્રિલે મૂડીબજારમાં આવશે અને ઈસ્યુ ૨ મે ૨૦૧૬ના રોજ બંધ થશે. કંપની ૨૪૯૯૮૩૩૨ શેરો ઓફર ફોર સેઈલથી અને બાકીના ફ્રેશ શેર ઈસ્યુ દ્વારા ઓફર કરી રહી છે. આ શેરમાં ઓછામાં ઓછા ૭૦ શેરો અને ત્યારબાદ તેના ગુણાંકમાં અરજી કરવાની રહેશે. કંપની કેપિટલ ઉભી કરવા ઈસ્યુ કરી રહી છે. કંપનીના શેરોને બીએસઈ તથા એનએસઈ ખાતે લિસ્ટ કરાશે.

કંપની માઈક્રો ફાઈનાન્સ સર્વિસ ક્ષેત્રે છે. કંપની સહાકીય લોન પણ આપે છે. કંપની ૨૪ શહેરોમાં અને ૨૦૯ જીલ્લાઓમાં તેનું સ્થાન ધરાવે છે. કંપની ૭૭૮૬ કર્મચારીઓ સાથે ૪૬૯ શાખાઓ દ્વારા ૨.૭૭ મીલિયન ગ્રાહકો ધરાવે છે. આ કંપની પ્રોફેશનલી મેનેજ થઈ રહી છે. કોઈ પ્રમોટર્સ ગ્રૂપ નથી. કંપની બજાજ ફાઈનાન્સિયલ એલાયન્જ લાઈફ ઈન્સ્યુરન્સ, કોટક મહિન્દ્ર લાઈફ ઈન્સ્યોરન્સ તથા એચડીએફસી ઈન્સ્યુરન્સ કંપની સાથે પાર્ટનરશિપમાં વીમા પ્રોડક્ટો પ્રોવાઈડ કરે છે. કંપનીને સ્મોલ ફાઈનાન્સ બેંક શરૂ કરવા મંજુરી મળી છે.

કંપની ૩૫૮ કરોડના નવા શેરો ઈસ્યુ કરશે અને વિદેશી રોકાણકારોની ૫૨૭ કરોડની ઓફર ફોર સેઈલ આપેલ છે. વિદેશી રોકાણકારો મોરેશિયસ યુનિટસ કોર્પ ૨.૪૯ ટકા, ડબલ્યુ એચપી હોલ્ડીંગ ૩.૦૯ ટકા શેરો વેચશે.